મહત્તમ : ૨૭.૪ ડીગ્રી
લઘુતમ : ૧૩.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૩૦ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં તસ્કરો બેફામ બનતા જાય છે

ઘ-રોડ પર સે-૭માં તસ્કરોએ અરિહંત ગારમેન્ટ સહિત ત્રણ-ત્રણ મકાનના તાળા તોડયા : ઇન્ફોસિટી પોલીસ મથક અને સેકટર-૭ પોલીસ મથકની વચ્ચે આ મકાનો હોવા છતાં બંનેમાંથી એકેય એલર્ટ પોલીસનું ધ્યાન ન ગયું..!

ગાંધીનગર, તા. ૧

રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં હવે તસ્કરોને પોલીસનો ડર જ રહ્યો ન હોવાનું સ્પષ્ટ પણે લાગી રહ્યું છે. પોલીસના નાક નીચે તસ્કરો તાંડવ કરી જાય છે છતાં પોલીસને આ તસ્કર ટોળકી નજરમાં આવતી નથી. પહેલા તો દૂરથી પોલીસની ગાડી આવતી દેખાય તો પણ ગુનેગારો પોતાનો રસ્તો બદલી દેતા હતા. પરંતુ હવે તો સ્થિતિ સાવ ઉંધી થઇ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. જ્યાં પોલીસ સ્ટેશન હોય તેની આસપાસ જ તસ્કરો બિન્દાસ્તપણે ચોરી કરવા લાગ્યા છે. જાણે તસ્કરો પોલીસને લલકાર ફેંકી રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. તો બીજી તરફ પોલીસ પણ તસ્કરોને પકડી ન શકતી હોવાથી લમણે હાથ દઈને બેસી ગઈ હોય તેમ લાગી રહ્યું છે. નવાઈની વાત તો એ છે કે ગઈકાલે રાત્રે તસ્કરોએ શહેરનાં બબ્બે મોટા પોલીસ સ્ટેશનની વચ્ચે આવેલા મકાનોના તાળા તોડીને પોલીસને લપડાક મારી છે. પોલીસ સ્ટેશનથી ૫૦૦ મીટર દૂરના અંતરે ત્રણ ત્રણ મકાનના તાળા તોડીને તસ્કર આરામથી સરકી જાય છે છતાં પોલીસની એલર્ટ નજર આ ટોળકી સુધી પહોંચી શકતી નથી.

શહેરના ઘ-માર્ગ ઉપર આવેલા સે-૬/૭ નાં બસ સ્ટેન્ડની બિલકુલ પાછળ આવેલા મકાનોને ગઈરાત્રી દરમિયાન તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યા હતા. આ મકાનો નો ચોક એવી જગ્યાએ છે કે જ્યાં ૫૦૦ મીટર જ દૂર ઇન્ફોસીટી પોલીસ સ્ટેશન છે તો બીજી તરફ તેટલા જ અંતરે દૂર વિરુદ્ધ દિશામાં સેકટર-૭ પોલીસ સ્ટેશન છે. બંને પોલીસ સ્ટેશનના સ્ટાફની અવરજવર માટેનો મુખ્ય રસ્તો આ જગ્યાએથી જ પસાર થાય છે. તસ્કરોએ રાત્રે આ જગ્યાને પસંદ કરીને તેની હિંમત પ્રદર્શિત કરી છે તો બીજી તરફ પોલીસને લલકાર ફેંક્યો છે. અરિહંત રેડીમેડ ગાર્મેન્ટ્સ શોરૂમનું તાળું તોડી તસ્કરોએ સીસીટીવી કેમેરાના કેબલ તોડી નાખ્યા હતા. શો રૂમ ની અંદર ઘૂસીને તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈ મોટી માલમિલકત હાથમાં ન લાગતા ત્યાંથી તસ્કરો નીકળી ગયા હતા અને શોરૂમની પાછળ આવેલા અન્ય બે બંધ મકાનોને ટાર્ગેટ કર્યા હતા. શોરૂમ ની પાછળ જે મકાનમાં ક્લાસીસ ચાલે છે તે મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવી તેના તાળા તોડયા હતા પરંતુ તેમાંથી પણ તસ્કરોને હાથ કાંઈ લાગ્યું ન હતું. તેની બાજુના બીજા એક મકાનને તસ્કરોએ ટાર્ગેટ કરી તેના પણ તાળા અને નકુચો તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આ મકાનના માલિક મહેસાણા રહેતા હોવાથી આ મકાનમાં કોઈ મોટી માલમિલકત રાખી ન હતી. જેને પગલે અહીં પણ તસ્કરોનો ફેરો ફોગટ રહ્યો હતો. પોલીસ સ્ટેશનની નજીકમાં જ ત્રણ ત્રણ મકાનના તાળા તોડીને હિંમત દેખાડનાર તસ્કરોને હાથ કઈ લાગ્યું ન હતું. ઘરફોડ ચોરીના પ્રયાસની આ ત્રણેય ઘટનામાં માલિકોએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

એનઆઈસીએમ ખાતે "આરોહણ-૨૦૧૯" કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના આંગણે ચ-૦ ખાતે આવેલ શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એનઆઈસીએમ-એસજેપીઆઈ એમબીએ કોલેજ ખાતે આજે નેશનલ લેવલની મેનેજમેન્ટ ઈવેન્ટ "આરોહણ-૨૦૧૯"નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન આયોજીત ઈવેન્ટમાં સિંગિંગ, ડાન્સીંગ, ફેસ પેઈન્ટીંગ, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, રંગોળી, સેલ્ફી કોમ્પિટીશન, કવીઝ કોમ્પીટીશન, પોસ્ટર મેકીંગ કોમ્પિટીશન, સલાડ ડેકોરેશન, ટ્રેઝરહંટ સહિતની પ્રવૃતિઓ યોજાઈ હતી. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ વિવિધ ઈવેન્ટમાં ઉત્સાહભેર જોડાયા હતા.

આરોહણ-૨૦૧૯ઈવેન્ટ વિશે એનઆઈસીએમ-એસજેપીઆઈ એમબીએ કોલેજના ડિરેકટર ડો.બી.કે.નિર્મલે જણાવ્યું હતું કે આ નેશનલ લેવલની ઈવેન્ટ મેનેજમેન્ટ એકિટવીટીઝમાં ગુજરાતભરની વિવિધ કોલેજના અંડર ગ્રેજ્યુએટ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાના લગભગ ૭૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોએ વિવિધ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. ઈવેન્ટમાં ભાગ લેનાર વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર રૂપે રૂ.૨૫૦૦૦ ની માતબર રકમ એનાયત કરાઈ છે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે નવગુજરાત કેમ્પસમાં સ્થિત એમ.સી.શાહ કોમર્સ કોલેજ અમદાવાદના પ્રિન્સીપાલ એન.ડી.શાહ તેમજ અતિથિ તરીકે નારાયણ ગુરુ કોમર્સ કોલેજ અમદાવાદના પ્રિન્સીપાલ જીજ્ઞેશ કોંગન ખાસ હાજર રહીને ઈવેન્ટનું ઓબ્ઝર્વેશન તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાનું કાર્ય કર્યું હતું. જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે એનઆઈસીએમના પ્રાધ્યાપકગણ અને સ્ટાફના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

બાઈક ઉપર દારૂની હેરાફેરી કરતો રાજસ્થાની ખેપીયો ઝડપાયો

ચિલોડા પોલીસે ચંદ્રાલા પાસેથી દારૂની ૩૦ બોટલ સાથે ખેપીયાને દબોચી લીધો : રાજસ્થાનથી બાઈક લઈને ગુજરાતનાં ત્રણ જિલ્લાની ચેક પોસ્ટ અને નાકા પોઈન્ટ ક્રોસ કરી ખેપીયો ચંદ્રાલા કેવી રીતે આવી ગયો તેના પર પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા.૧

ચિલોડા પોલીસ આજે સવારે ચંદ્રાલા ચેકીંગ પોસ્ટ પર વાહન ચેકિંગ કરી રહી હતી તે દરમિયાન બાઈક ઉપર વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલો રાજસ્થાની ખેપીયો ઝડપાઈ ગયો હતો. રાજસ્થાન પાસીંગ બાઈક લઈને નીકળેલા આ યુવા ચાલક પર શંકા જતા ચિલોડા પોલીસે તેને ઊભો રાખીને તેની પાસેનો થેલો ચેક કર્યો હતો. થેલામાંથી ૩૦ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવતા પોલીસ પણ ચોંકી ગઈ હતી કે છેક રાજસ્થાનથી આવેલો આ બાઈક ચાલક ખેપિયો આટ-આટલા નાકા પોઈન્ટ અને ચેક પોસ્ટ વટાવીને ચંદ્રાલા સુધી કેવી રીતે આવી પહોંચ્યો..? ચિલોડા પોલીસે ૫૦ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ખેપીયાની ધરપકડ કરીને સઘન પુછપરછ શરૂ કરી છે.

ચિલોડા પોલીસની ટીમ આજે સવારે ચંદ્રાલા ગામની સીમમાં હિંમતનગરથી ચિલોડા તરફ જતા વાહનોનું સઘન ચેકિંગ કરી રહી હતી ત્યારે સવારે સાડા આઠ વાગ્યાના અરસામાં રાજસ્થાન પાસિંગના આરજે ૩૬ એસએન ૯૪૩૬ નંબરનાં બાઈક પર એક યુવાન આવી રહ્યો હતો. તેને ઉભો રાખીને બાઈકની બંને બાજુ બાંધેલા થેલાઓ ચેક કરતાં અંદરથી ૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ મળી આવ્યો હતો. રાજસ્થાનના રાજસમન્દમાં નવા તલાવ પાસે રહેતા ૨૧ વર્ષિય દેવેન્દ્ર ટીલસિંહ રાવત નામનાં શખ્સ ચિલોડા પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી રૂ. ૯૬૦૦ની કિંમતની ઈંગ્લીશ દારૂની ૩૦ બોટલ, ૪૦ હજારની કિંમતનું પલ્સર બાઈક અને એક મોબાઈલ મળી કુલ રૂ. ૫૦,૧૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે ખેપીયા સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તે દારૂ ક્યાંથી લાવ્યો હતો અને ક્યાં લઈ જઈ રહ્યો હતો તે સહિતની ઉંડી તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના ૩૦ વર્ષથી વધુ વયના વ્યકિતઓના આરોગ્યલક્ષી સર્વે આધાર સાથે લીંક કરાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના વસવાટ કરતા ૩૦ વર્ષથી વધુ વયના વ્યકિતઓનો આરોગ્ય લક્ષી સર્વે આગામી દિવસોમાં હાથ ધરવામાં આવનાર છે. જેમાં બિન ચેપી રોગો અંગે રહીશોની આરોગ્યલક્ષી માહિતી મેળવવામાં આવશે તેને આધાર સાથે લીંક કરીને સ્ટોર પણ કરાશે જેથી ભવિષ્યમાં જે તે વ્યકિત બિમાર પડે તો સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં તેની બિમારી અને આદતોને લગતી તમામ માહિતી મળી શકે.

જાગૃત નાગરિક પરિષદની બેઠક મુલતવી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની તા. ૪થી ફેબ્રુઆરી સોમવારે મળનાર બેઠક અનિવાર્ય કારણોસર મુલત્વી રાખવામાં આવી છે. જેની સભાસદશ્રીઓ, પદાધિકારીશ્રીઓએ નોંધ લેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

લોદરા ખાતે નિઃશુલ્ક આયુર્વેદ હોમિયોપેથી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧

આયુર્વેદ શાસ્ત્રના આઠ અંગો સાથે વિશ્વનું પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે ત્યારે જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા ગાંધીનગર દ્વારા નિઃશુલ્ક આયુર્વેદ હોમિયોપેથી નિદાન કેમ્પનું તા. ૫ ફેબ્રુઆરી મંગળવાર સવારે ૯.૩૦ થી ૧.૩૦ વચ્ચે માણસા જિલ્લાના લોદરા ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આયુર્વેદ એ ઘણા રોગોનો અકસીર ઈલાજ છે. આ કેમ્પમાં વિવિધ તજજ્ઞ ડૉકટર દ્વારા સેવા અપાશે. પીટીસી કોલેજ, લોદરા ખાતે સવારે ૯.૩૦ કલાકે કેમ્પ યોજાશે. વિવિધ સેવાઓ, સાંધાના દુઃખાવાની તાત્કાલિક સારવાર અગ્નિ કર્મ જે નિષ્ણાત વૈદ્ય ડૉ. મિહિર વાજા દ્વારા અપાશે.

દાંતને લગતી સારવાર ડૉ. નીતીન નાયક દ્વારા, ડાયાબીટીસીમાં રખાતી સંભાળ અંગેનું માર્ગદર્શન ડૉ. કામિની વ્યાસ દ્વારા, મેદસ્વીપણા અંગેનું સલાહ સુચન ડૉ. હેમાંગિની આર્ય દ્વારા, વંધ્યત્વ વિશે માર્ગદર્શન ડૉ. મમતાબેન દેસાઈ દ્વારા અને બાળરોગની તમામ સમસ્યાની સારવાર ડૉ. નેહા પટેલ દ્વારા આપવામાં આવશે તથા આ સિવાયના તમામ રોગના નિદાન માટે આયુર્વેદ નિષ્ણાત ડૉ. ધૃતિ ગોસાઈ અને ડૉ. પલક કટારીયા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત હોમિયોપેથી સારવાર નિષ્ણાંત તબીબ ડૉ. ઘનશ્યામ પ્રજાપતિ અને ડૉ. નીરજ શાહ દ્વારા આપવામાં આવશે જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને આ કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

સીરીયલ કિલરને શોધતા હાંફી ગયેલી પોલીસ હવે પબ્લિકના સહારે..!

સીરીયલ કિલર વિશે કોઈને કંઈ પણ માહિતી હોય તો પોલીસને આપવા હેલ્પલાઈન નંબર જાહેર કરાયો : માહિતી આપનારની વિગતો ગુપ્ત રખાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર પાસેના ત્રણ અલગ અલગ ગામોમાં એક જ મોડસ ઓપરેન્ડીથી માથાના પાછળના ભાગેથી ફાયરિંગ કરીને હત્યા કરી લૂંટ ચલાવી ભાગી જનાર સીરીયલ કિલરે ગાંધીનગરમાં ચકચાર મચાવી દીધી છે. ગાંધીનગર પોલીસ દિવસ રાત આ કિલર સુધી પહોંચવા કરી રહી છે પરંતુ સીરીયલ કિલર સુધી પહોંચવાનું પગેરું પોલીસને મળતું નથી. સંખ્યાબંધ શકમંદોની પુછપરછ કરવામાં આવી પરંતુ પોલીસને સીરીયલ કિલર સુધી પહોંચવામાં સફળતા મળી રહી નથી. આખરે ગાંધીનગર પોલીસ હવે સીરીયલ કિલરને શોધતા હાંફી ગઈ છે અને પબ્લિકના સહારે આવી ગઈ છે. સીરીયલ કિલર વિશે કોઈને કંઈ પણ માહિતી હોય તો પોલીસને આપવા માટે આહવાન કરીને પોલીસ દ્વારા એક હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. માહિતી આપનાર વ્યકિતની વિગતો પણ ગુપ્ત રાખવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવી છે.

તાજેતરમાં જ શેરથા ગામના ઠાકોર જુઠાજીની સિરિયલ કિલરે માથાના પાછળના ભાગે ફાયરિંગ કરીને હત્યા કરી લૂંટ ચલાવી હતી. આ હત્યા પહેલા પણ સીરીયલ કિલર અન્ય બે વ્યકિતઓના ઢીમ ઢાળી ચૂક્યો છે. દંતાલી ગામમાં ૧૪ ઓક્ટોબરે જયેશભાઈ રબારીની જ્યારે કોબા ગામમાં ૯ ડિસેમ્બરે કેશવલાલ પટેલની હત્યા થઈ હતી. આ ત્રણેય હત્યાની મોડસ ઓપરેન્ડી એક સરખી હોવાથી હત્યારો પણ એક જ હોવાનું મનાઈ રહ્યું છે. જેને પગલે ગાંધીનગરમાં સક્રિય થયો હોવાનું પોલીસે પણ કબૂલ્યું છે. આ ત્રણેય ઘટના અંગે બારીકાઈથી તપાસ કરવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરીને જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાંચ, એસ.ઓ.જી અને અડાલજ પોલીસની ટીમો દોડતી કરી દીધી છે તે ઉપરાંત એટીએસ તથા અમદાવાદ ક્રાઈમ બ્રાંચની પણ મદદ લેવાનું શરૂ કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં ખોફ ફેલાવી દેનારા સિરિયલ કિલર સુધી પહોંચવા પોલીસે અલગ અલગ દિશાઓમાં અલગ અલગ પદ્ધતિથી તપાસ શરૂ કરી છે પરંતુ હજુ સુધી તેના સુધી પહોંચી શકાય એવી એક પણ કડી મળી શકી નથી. સંખ્યાબંધ શકમંદોને બોલાવીને તેમના ઈન્ટ્રોગેશન કરવામાં આવ્યા પરંતુ તેમાંથી પણ કોઈ કડી ન મળતાં આખરે પોલીસ હવે પબ્લિક ના સહારે આવી ગઈ છે. આ બનાવને અનુસંધાનમાં કોઈને પણ પોતાના ગામમાં કે આજુબાજુમાં શંકાસ્પદ વ્યકિત જણાય અથવા આ બનાવ બાબતે કોઈને માહિતી હોય તે અંગે પોલીસને જાણ કરવા હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. મોબાઈલ નંબર ૮૧૫૫૦ ૩૩૯૯૯ ઉપર કોઈપણ સમયે ફોન કે વોટ્સએપ મેસેજ કરી પોલીસને જાણ કરવા પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું છે. પોલીસે વધુમાં ઉમેર્યું છે કે આ માહિતી આપનાર વ્યકિતની ઓળખ કે કોઈપણ જાતની વિગત ગુપ્ત રાખવામાં આવશે.

ચિરવિદાય

- સ્વ. સુરજબેન શનાજી ઠાકોર, ઉ.વ. ૯૦
- સ્વ. સોલંકી ખોડાજી ફતાજી, ઉ.વ. ૭૦
- સ્વ. બકુલાબેન યશવંત ગુમે, ઉ.વ. ૮૦
- સ્વ. પરવિંદરસિંઘ ત્રિલોકસિંઘ સોઢી, ઉ.વ. ૮૩
- સ્વ. રમેશભાઈ ગલાબજી ઠાકોર, ઉ.વ. ૩૭
- સ્વ. સરોજબેન મહેન્દ્રભાઈ વાઘેલા, ઉ.વ. ૩૦
- સ્વ. પટેલ રેણુકાબેન નવીનભાઈ, ઉ.વ. ૪૭

માણેકકાકાના જન્મદિને મહારકતદાન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની જન્મજયંતિએ યોજાયેલ મહારકતદાન કેમ્પમાં ૧૧૨૪ વિદ્યાર્થીઓ-અધ્યાપકોએ રકતદાન કર્યું

ગાંધીનગર, તા.૧

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલની જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર અને કડી ખાતેના સંકુલોમાં આયોજિત રકતદાન કેમ્પમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ દાખવતા કુલ ૧૧૨૪ યુનિટસ રકત એકત્રિત થવા પામ્યું હતું. ગાંધીનગરમાં સેકટર-૨૩ ખાતે ફાર્મસી કોલેજ સંકુલમાં અને સેકટર-૧૫માં એલડીઆરપી કોલેજ કેમ્પસમાં યોજાયેલ રકતદાનમાં કુલ ૬૦૫ યુનિટસ તથા કડી મુકામે યોજાયેલ રકતદાનમાં કુલ ૫૧૯ યુનિટસ રકત કર્ણાવતી લાયન્સ ક્લબ, રેડ ક્રોસ અને ગુજરાત કેન્સર રિસર્ચ સોસાયટી દ્વારા એકત્રિત કરાયું હતું. ગાંધીનગર ખાતેના ત્રણેય કેમ્પસમાં રકતદાન માટે વિદ્યાર્થીનીઓનો ધસારો ઉડીને આંખે વળગે તેવો રહ્યો હતો.

સ્વ. માણેકલાલ પટેલની જન્મજયંતિએ દર વર્ષે કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા શ્રધ્ધાંજલિ સ્વરૂપે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આજે ફરી એકવાર ગાંધીનગર તથા કડી મુકામે સર્વ વિદ્યાલય સંલગ્ન સંકુલોમાં રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કે.એસ.વી. સંલગ્ન તમામ કોલજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ, પ્રાધ્યાપકો, સંસ્થાના હોદ્દેદારો તેમજ અન્ય કર્મચારીઓ પણ આ મહારકતદાન શિબિરમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને કાલુપુર કો-ઓપરેટીવ બેંકના સંયુકત ઉપકમે આયોજિત આ રકતદાન શિબિરના ઉદઘાટન પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર ના પ્રમુખ ડો. કનુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ, કાલુપુર કો.ઓપ. બેંકના ડિરેકટર શ્રી હસમુખભાઈ પટેલ, બેંકના બ્રાન્ચ મેનેજર શ્રી તેન્દ્રભાઈ પટેલ, કો-ઓર્ડીનેટર શ્રી સી.એમ. શુકલા, કે.એસ.વી. યુનિ.ના રજીસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલા સહિત કે.એસ.વી. સંલગ્ન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્ય તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટય બાદ પ્રારંભ થયેલ રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓ સહિત વિદ્યાર્થીનીઓએ પણ મોટી સંખ્યામાં રકતદાન માટે ઉત્સાહ દર્શાવ્યો હતો. શિબિર દરમિયાન વિના મૂલ્યે હિમોગ્લોબીન તપાસની સેવા પણ પુરી પાડવામાં આવી હતી. રકતદાતાઓને શુભેચ્છા ભેટ તથા પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા.